**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૭૭૭/૨૦૨૬, અમરોલી પો.સ્ટે.સુરત ગુ.ર.નંબર – ૧૧ ૨૧૦૦૦૪૬૨૧૬૪૫/૨૦૨૬, ધી આર્મ્સ એકટની કલમ– ૨૫(૧–બી)એ, ૨૯ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબના કામે આરોપી – જાવીદખાન અયુબખાન પઠાણ નાઓની જામીન અરજી તળે હેઠળ હુકમ :</u>**

હાલની જામીન અરજી વંચાણે લીધી. આ કામના આરોપીએ અમરોલી પો.સ્ટે.સુરત ગુ.ર.નંબર – ૧૧૨૧૦૦૦૪૬૨૧૬૪૫/૨૦૨૬, ધી આર્મ્સ એકટની કલમ– ૨૫(૧–બી)એ, ૨૯ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબના કામે જામીન ઉપર મુકત થવા અરજી કરેલ છે. જામીન અરજી અન્વયે આરોપી ના વિદ્ધાન વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદ પક્ષ તર્ફે વિદ્ધાન એપીપીશ્રીને સાંભળ્યા. તેમજ આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ, એફ.આઈ.આર. વિગેરે વંચાણે લીધા. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ ની જોગવાઇને ધ્યાને લીધી. આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને પહોચે છે. વધુમાં, આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ જોવામાં આવે તો સાત વર્ષ કરતા વધુ સજાની જોગવાઈ વાળા ગુન્હાનો આક્ષેપ નથી. તેમજ આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. તેમજ નજીકના ભવિષ્યમાં કેસની ટ્રાયલ પુર્ણ થવાના સંજોગો નહીવત જણાઈ આવે છે. તેમજ આ કામના આરોપી નિયમિત કોર્ટમાં હાજર રહી ટ્રાયલમાં સહકાર આપવાની ખાત્રી આપે છે. વધુમાં અદાલતે, આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકત, આરોપી એ ગુન્હો આચરવામાં ભજવેલ રોલ, ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઇને લક્ષમાં લીધેલ છે. તેમજ નામ. સર્વોચ્ચ અદાલતે ***સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ., એ.આઇ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ પેજ નં.૮૩૦*** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાતને નજર સમક્ષ રાખતા તેમજ તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલતે ***Satender Kumar Antil Versus Central Bureau Of Investigation And Another,*** *2022(0)* ***AIJEL–SC 69508*** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં જામીન અંગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતને ધ્યાને લેતાં તેમજ નામ. વડી અદાલત દ્બારા જામીન અંગે વખતો વખત પ્રતિપાદીત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતાં, જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે, તેને નજર સમક્ષ રાખતા જો આરોપી ને વધુ સમય જેલમાં રહેવાનો વારો આવશે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થયા બરાબર ગણાશે. આમ, આરોપી સામે આક્ષેપિત ગુન્હાની હકીકત, કેસ પેપર્સ વિગેરે તમામ સંજોગોને ધ્યાને લેતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે અત્રેની કોર્ટને જામીન આપવા અંગેની મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ આરોપી ની તરફેણમાં હાલના તબક્કે કરવો ન્યાયી અને વાજબી જણાય છે. જેથી આરોપી ની જામીન અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

// હુ ક મ //

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૪૮૦ અન્વયેની આરોપી ની હાલની રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા અંગેની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી એ **રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જાત જામીન અને તેટલીજ રકમના સદ્ધર મુચરકા આપે તો, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**// શરતો //**

(૧) આરોપી એ ચાર્જશીટ દાખલ થાય નહી ત્યાં સુધી દર અંગેજી માસની ૧ થી ૫ મી તારીખમાં એકવાર સવારના ૯–૦૦ થી ૫– ૦૦ દરમિયાન પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૨) આરોપી એ હવે પછી ભવિષ્યમાં કોઈ ગુન્હામાં સંડોવાવું નહીં

(૩) આરોપી એ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ, પ્રલોભન આપવું નહીં કે પુરાવા સાથે ચેડાં થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં.

(૪) આરોપી એ પોતાનું પાકું અને પુરેપુરૂ સરનામું, મોબાઈલ નંબર સહીત પુરાવા સાથે અત્રેની અદાલત સમક્ષ પુરસીસથી રજુ કરવુ અને આ સરનામામાં અદાલતની પુર્વ મંજુરી સિવાય ફેરફાર કરવો નહીં.

(૫) આરોપી એ બાકી રહેલ તપાસમાં ત.ક. અમલદારને સહકાર આપવો. તેમજ ટ્રાયલ દરમિયાન નિયમીત કોર્ટમાં હાજર રહી ટ્રાયલ ચલાવવામાં સહકાર આપવો.

(૬) આરોપી એ ભારત દેશની હદ કોર્ટની પૂર્વ પરવાનગી વગર છોડવી નહી.

તારીખ – <u>૧૦/૦૭/૨૦૨૬.</u>
સ્થળ – સુરત

(ડો. એમ.ડી.વિરાણી)
એડી.સીવીલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક.,સુરત
જજ કોડ નં. જીજે ૦૧૩૬૨.